# Dr. Babasaheb Ambedkar Open University, Ahmedabad

**Term-End Examination : January-2026**

**Course Name : BAHONSGUJ** | **Date : 19-02-2026**
**Subject Name : GUJARATI GADYA BHAG-2** | **Time : 03:00PM TO 05:15PM**
**Subject Code : GMJ-201** | **Max Marks : 70**

---

**પ્રશ્ન-1. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) કોદર અને રૂખીના પાત્રાલેખન દ્વારા તેમના દામ્પત્યજીવનમાં ઉદ્ભવતા 'અહમ્'ના ટકરાવની ચર્ચા કરો.

(2) ગોપાળ બાપાના જીવનદર્શનનો પરિચય કરાવો.

**પ્રશ્ન-2. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) 'નર્મદજીવન – એક દૃશ્ય'ના આધારે નર્મદના વ્યક્તિત્વનો પરિચય આપો.

(2) 'ગંગોત્રી' પ્રવાસનિબંધમાં વ્યક્ત થયેલા કાકાસાહેબ કાલેલકરના વિચારો વિશે લખો.

**પ્રશ્ન-3. નીચેનામાંથી કોઈપણ એક પ્રશ્નનો જવાબ આપો.** **( 14 )**

(1) પાટણના મહાઅમાત્ય મુંજાલ મહેતાનું પાત્રાલેખન કરો.

(2) 'મૉનજી રૂદર' ચરિત્રનિબંધના આધારે મૉનજીના સ્વભાવનું શબ્દચિત્ર આલેખો.

**પ્રશ્ન-4. ટૂંકનોંધ લખો (કોઈપણ બે)** **( 14 )**

(1) મુકુન્દ અને તેના મિત્રોની ગ્રામીણ જીવન પ્રત્યેની સૂગ.

(2) 'મુકુન્દરાય' વાર્તામાં પિતા-પુત્રનો મનોસંઘર્ષ.

(3) 'મૉનજી રૂદર' ચરિત્રનિબંધની તળપદી અને પ્રલંબ ભાષાશૈલી.

(4) 'ગંગોત્રી' : ગંગોત્રીમાં લેખકે પસાર કરેલો સમય અને દિનચર્યા.

**પ્રશ્ન-5. સાચો વિકલ્પ પસંદ કરો.** **( 14 )**

**(1) અલી ડોસો હંમેશાં કેટલા વાગ્યે ઊઠીને પોસ્ટ ઑફિસે આવી પહોંચતો હતો?**

A) સવારે પાંચ વાગ્યે B) સવારે ચાર વાગ્યે

C) સવારે છ વાગ્યે D) રાત્રે ત્રણ વાગ્યે

**(2) "માજા વેલાનું મૃત્યુ" વાર્તામાં કોનું મૃત્યુ નિરૂપાયું છે?**

A) વનાનું B) ભલીનું

C) ખુડીનું D) માજા વેલાનું

**(3) માજા વેલાના મૃત્યુ સમયે તેને અંતિમ પાણી કોણ પીવડાવે છે?**

A) તેની પત્ની ભલી B) તેનો દીકરો વનો

C) તેની પૌત્રી ખુડી D) કોઈ નહીં

**(4) કીર્તિદેવ કયા પ્રદેશનો પ્રતિનિધિ કે યોદ્ધો બનીને પાટણ આવ્યો હતો?**

A) લાટ B) સૌરાષ્ટ્ર

C) અવંતી D) કચ્છ

**(5) શહેરની શેરીનું મૂળ માનવમનમાં રહેલી કઈ શોધમાં રહેલું છે?**

A) સંપત્તિની B) સ્વતંત્રતાની

C) સલામતીની D) એકાંતની

**(6) લેખકે ગંગોત્રીમાં કયા વૃક્ષોની ઘટા જોઈ હતી?**

A) આંબાના | B) વડના
C) દેવદારના | D) પીપળાના

**(7) ગંગોત્રી કઈ નદીના કિનારે આવેલું તીર્થધામ છે?**

A) યમુના | B) સરસ્વતી
C) ભાગીરથી | D) અલકનંદા

************